ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨
ફેકસ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૯૮/૧૯-૨૦/ ૧૫૧ તારીખ : 28 FEB 2020

**આર.પી.એ.ડી.**

કેસ નં.૯૮/૧૯-૨૦

પ્રતિ,
**શ્રી જયેશકુમાર જીતુભાઈ શેઠ,**
નેસવડ, રાજધાની ટ્રેકટર સામે,
નેસવડ, તા.મહુવા,
જી.ભાવનગર.
**મો.નં. ૭૫૬૭૧ ૧૩૩૬૬.**

**વિષય : ઈલે. ડયુટી ૧૦% ના બદલે ૨૫% લગાડવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૨૨/૧૧/૨૦૧૯, અત્રેની કચેરીને મળ્યા તા.૨૭/૧૧/૨૦૧૯.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૯૮/૧૯-૨૦/૪૯૬૯ તા.૧૦/૧૨/૨૦૧૯.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૯૮/૧૯-૨૦/૫૮૨ તા.૦૩/૦૨/૨૦૨૦.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ ૧૪/૦૨/૨૦૨૦ નાં રોજ રૂબરૂ રજુઆત માટે હાજર રહેવા જણાવેલ, જેમાં તમો હાજર રહેલ નથી. જેથી આપની ફરીયાદના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ. પી. સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**

*........ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટાવિભાગીય કચેરી, **મહુવા ગ્રામ્ય-૧.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

**કેઈસ નંબર – ૯૮/૧૯–૨૦**

વાદી :– શ્રી જયેશકુમાર જીતુભાઈ શેઠ

**વિરૂધ્ધ**

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

**રજુઆતની તારીખ:– ૧૪.૦૨.૨૦૨૦**

હાજર રહયા :– ગેરહાજર

પ્રતિવાદી :– શ્રી એસ.બી. વસાણી, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી જયેશકુમાર જીતુભાઈ શેઠ, મુ.નેસવડ, તા.મહુવા, જી.ભાવનગરની ઈલે. ડયુટી ૧૦% ના બદલે ૨૫% લગાડવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૯૮/૧૯–૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૯૮/૧૯–૨૦/૪૯૬૯ તા.૧૦.૧૨.૨૦૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૧૪.૦૨.૨૦૨૦ ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી હાજર રહેલ શકેલ નથી તથા પ્રતિવાદી તરફે શ્રી એસ.બી. વસાણી, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા ઉપસ્થિત રહેલ.

**વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો જયેશકુમાર જીતુભાઈ શેઠના નામે ગ્રાહક નં.૩૭૦૦૬/૦૬૨૩૭/૩ થી ઉદ્યોગ માટેનું કનેકશન ધરાવીએ છીએ. સદર જગ્યા પર દુધની મીઠાઈ બનાવવાનું અને તેમને સાચવવા માટે ઠંડક માટેનો રૂમ એટલે કે કોલ્ડરૂમની જરૂર રહેતી હોય છે.

૧.૨ અમારા જાણવા પ્રમાણે આ પ્રકારના કનેકશનમાં ઈલેકટ્રીક ડયુટી (વિદ્યુત શુલ્ક) ૧૦% હોય છે. પરંતુ આજ દિવસ સુધી અમારે ૧૦% પ્રમાણે જ બીલ આવતુ હતું પરંતુ તા.૨૫/૯/૨૦૧૯ ના રોજ રૂા.૬,૫૦,૨૯૫/– એટલે કે છ લાખ પચાસ હજાર બસ્સો પંચાણુ આવેલ છે. અમારા [illegible] પ્રમાણે અમોને આ બીલ તફાવત વિદ્યુત શુલ્ક ૨૫% પ્રમાણે આપેલ છે.

P.G.V.C.L. Bhavnagar Consumer Grievance Redressal Forum

૧.૩ પીજીવીસીએલના નિયમ પ્રમાણે આટલુ મોટુ બીલ આપી શકાય નહી. તો છેલ્લા બીલને ધ્યાનમાં લઈ અને અમોને રૂબરૂ સાંભળી સદર બીલનો નિર્ણય લેવા યોગ્ય કરશોજી.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ ગ્રાહક નુ નામઃ– શ્રી જયેશ કુમાર જીતુભાઈ શેઠ. ગ્રાહક નં.૩૭૦૦૬/૦૬૨૩૭/૩. કેટેગરી/ લોડ :–LTMD 99 KW. રીલીઝ તા.૦૩/૦૮/૨૦૧૫.

૨.૨ **વાદી શ્રી જયેશ કુમાર** જીતુભાઈ શેઠ દવારા તેમના વીજબીલમાં ઈલે. ડયુટી ૧૦% ના બદલે ૨૫% લગાડવા બાબતે **સીજીઆરએફ સમક્ષ રજુઆત** કરેલ છે જે અનુસંધાને અત્રેની કચેરી દવારા મહુવા રૂરલ–૧ સબ ડીવીઝનને પત્ર નં.૭૯૩૩ તા.૮/૧૧/૧૯ થી જાણ કરેલ છે. મહુવા રૂરલ–૧ સબ ડીવીઝન દવારા સદર બાબતે તા.૨૬/૧૨/૧૯ થી અત્રેની કચેરીને જવાબ રજુ કરેલ છે.

૨.૩ વાદીએ તેની અરજીમાં જણાવેલ છે કે સદર જગ્યા પર દુધની મીઠાઈ બનાવવાનું અને તેમને સાચવવા માટે ઠંડક માટેનો રૂમ એટલે કે કોલ્ડરૂમની જરૂર રહેતી હોય છે.

૨.૪ કંપનીના ટેરીફ કોડ LTMD મુજબ કોલ્ડ સ્ટોરેજ માટે ૨૫% ઈ.ડી. લાગે છે અને વાદીના સદર વીજ કનેકશનમાં માહે ઓકટોબર–૧૫ થી જુન–૧૯ સુધી ૧૦% ઈ.ડી. લાગેલ હતી.

૨.૫ મહુવા રૂરલ–૧ સબ ડીવીઝનમાં ભાવનગર સર્કલ ઓફીસની ઓડીટ ટીમ દવારા એપ્રિલ–૧૭ થી માર્ચ–૧૮ નું તા.૩/૭/૧૯ થી ૧૨/૭/૧૯ સુધી ઓડીટ કરવામાં આવેલ છે. જેમાં વાદીના સદર વીજ કનેકશનમાં ઓકટોબર–૧૫ થી જુન–૧૯ સુધીમાં ૧૦% ઈ.ડી. લગાડવામાં આવતી હતી જે ખરેખર ૨૫% ઈ.ડી. લાગવી જોઈએ. જેથી ઓડીટ ટીમ દવારા માહે ઓકટોબર–૧૫ થી જુન–૧૯ સુધી રૂા.૬,૫૦,૨૯૫.૪૭ શોર્ટફોલ ઈ.ડી. ની રીકવરી કાઢવામાં આવેલ છે, જેની જાણ તેમના ઓડીટ રીપોર્ટ પત્ર નં.૩૫૯૨ તા.૩/૮/૧૯ થી મહુવા રૂરલ–૧ સબ ડીવીઝનને કરવામાં આવેલ છે.

૨.૬ મહુવા રૂરલ–૧ સબ ડીવીઝન દવારા ગ્રાહકના લેઝરમાં સદર શોર્ટફોલ ઈ.ડી.ની ડેબીટ તા.૨૮/૮/૧૯ ના રોજ ડેબીટ આઈ.ડી. નં.૨૬૧૯૭૭૦૩ થી ભરીને, વાદીને પત્ર નં.૪૨૪૮ તા.૨૫/૯/૧૯ ના રોજ જાણ કરેલ છે.

૨.૭ સદર ઈ.ડી.ની રીકવરીની રકમ વાદી દવારા તેમના રનીંગ બીલ સાથે ભરપાઈ કરવામાં આવે છે અને હાલમાં પીઆરટી (૧૪૫) મુજબ ગ્રાહકના રનીય વીજબીલ સાથે રૂા.૫૨૮ (ક્રેડીટ એરીયર્સ) છે.

૨.૮ આમ વાદીને આપવામાં આવેલ શોર્ટફોલ ઈ.ડી.ની રીકવરી યોગ્ય છે, જે વાદીએ ભરવાપાત્ર છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

☞ <u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર શ્રી જયેશ કુમાર જીતુભાઈ શેઠ ગામ–નેસવડ, તા.મહુવા માં ગ્રાહક નં.૩૭૦૦૬/૦૬૨૩૭/૩ થી ૯૯ KW નું LTMD તા.૦૩/૦૮/૧૫ થી ઓદ્યોગીક વીજજોડાણ ધરાવે છે.

૩.૨ વાદીની ફોરમે રજુઆત મુજબ પ્રતિવાદી તરફથી વાદીને ૧૦% ઈલેકટ્રીક ડયુટી પ્રમાણે વીજબીલ આવતુ હતું પરંતુ પ્રતિવાદીએ તા.૨૫/૦૯/૧૯ ના રોજ વાદીને રૂા.૬,૫૦,૨૯૫ નું ઈલે. ડયુટી પેટે પુરવણી બીલ આપેલ છે, જેમાં ૨૫% ઈલે. ડયુટી પ્રમાણે બીલ આપેલ છે.

૩.૩ પ્રતિવાદીની ઓડીટ ટીમે તા.૦૩/૦૭/૧૯ ના ઓડીટ રીપોર્ટમાં વાદીનાં વીજજોડાણમાં ઓકટોબર–'૧૫ થી જુન–'૧૯ સુધી ૧૦% ઈલે. ડયુટી લગાડેલ છે તેના બદલે ૨૫% ઈલે.ડયુટી લાગવી જોઈએ, તેની ઓડીટ રીકવરી રૂા.૬,૫૦,૨૯૫.૪૫ ની કાઢેલ છે.

૩.૪ તા.૧૪/૦૨/૨૦૨૦ ના રોજ વાદીને તા.૦૨/૦૨/૨૦૨૦ પત્રથી હાજર રહેવા જણાવેલ પરંતુ વાદીએ તેમના પત્ર તા.૧૦/૦૨/૨૦૨૦ થી મુદત માંગેલ છે.

૩.૫ વાદીએ ઈલે. ડયુટી નો પ્રશ્ન ફોરમ સામે રજુ કરેલ છે. ઈલેકટ્રીક ડયુટી માટે વાદીએ સરકારશ્રીની સક્ષમ સતા પાસે રજુઆત કરવી જોઈએ, ઈલે. ડયુટી અંગેની રજુઆત ફોરમની હકુમતમાં ન આવતી હોય, વાદીની રજુઆત રદ કરવામાં આવે છે.

<u>–:: હુકમ ::–</u>

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૫ મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(બી. જે. દવે)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(પી. એન. આજકીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– ૧૪.૦૨.૨૦૨૦

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar